પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ, અમદાવાદ
વિશેષશાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦
Email:Spl1-ahd@gujarat.gov.in

## :-જાહેરનામું -:

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ.

જાહેરનામુ/ એ-સેકશન/ પરમીટ/ ૩ /૨૦૨૨ તા.૦૮/૦૧/૨૦૨૨

વંચાણે લીધા:- ગુજરાત સરકાર ગૃહ વિભાગના પત્ર ક્રમાંક:વિ-૨/ ડી.એસ.એમ/૧૩૨૦૧૬/હા.કો.૦૨ (પા.ફા) તા.૦૬/૦૧/૨૦૨૨ આધારે.

આગામી તા.૧૪/૦૧/૨૦૨૨ ના રોજ અમદાવાદ શહેરમાં મકરસંક્રાંતી (ઉત્તરાયણ) પર્વની ઉજવણી થનાર છે. ઉતરાયણ પર્વ નિમિત્તે ઘણા લોકો પતંગ ઉડાડવા માટે માંઝા અથવા દોરી કે જે, નાઇલોન અથવા અન્ય સિન્થેટીક મટીરીયલ અથવા સિન્થેટીક પદાર્થથી કોટેડ કરેલ હોય અને નોન બાયો ડીગ્રેડેબલ હોય તેવા ચાઇનીઝ દોરાનો ઉપયોગ કરતા હોય છે. જેના ઉપયોગ ઉપર નામદાર ગુજરાત હાઈકોર્ટે તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. આ ચાઇનીઝ માંઝા (દોરા)ને કારણે લોકોને શારીરિક ઇજાઓ થવાના અને કેટલાક સંજોગોમાં ઇજાગ્રસ્ત વ્યક્તિનું મોત નિપજવા સુધીના ગંભીર બનાવો બનતા હોય છે. ઉપરાંત ચાઇનીઝ માંઝા દોરી પશુ/પક્ષી તથા પર્યાવરણ માટે પણ જોખમી છે. ઉપરાંત કેટલાક લોકો દ્વારા આ પર્વ નિમિત્તે સ્કાય લેન્ટર્ન (ચાઇનીઝ તુક્કલ) ઉડાડવામાં આવે છે. સળગતા સ્કાય લેન્ટર્ન ગમે ત્યાં પડવાને કારણે આગજનીના બનાવ બનવાની તથા જાનમાલને નુકશાન થવાની શક્યતા રહેલી છે.

આ પર્વ દરમ્યાન કેટલાક લોકો બેફીકરાઇથી અને ભયજનક રીતે પતંગ ઉડાડતા હોય છે. તહેવારની ઉજવણી દરમ્યાન પતંગ ચગાવવા/પતંગ કાપવા/ પતંગ લૂંટવા/ લાઉડ સ્પીકર વગાડવા જેવી બાબતોથી લોકો વચ્ચે તકરાર/ઘર્ષણના બનાવો બને છે. જો આવી તકરાર અલગ- અલગ જૂથના લોકો વચ્ચે બનવા પામે તો તેવા સંજોગોમાં જુથ અથડામણના બનાવો બનવાની શક્યતા રહેલી છે. અને જેથી જાહેર સુલેહ-શાંતીનો ભંગ થવાની શક્યતા રહેલી છે.

હાલમાં કોરોના વાઇરસની મહામારી ચાલી રહેલ હોય, કોવિડ-૧૯ના સંક્રમણને અટકાવવા માટે ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ કોવિડની ગાઇડલાઇનનું ઉત્તરાયણના તહેવાર દરમ્યાન સંપૂર્ણ પાલન થાય, તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના આદેશનું પાલન થાય તે માટે ચાઇનીઝ તુક્કલ( લેન્ટર્ન) તેમજ નાઇલોન અથવા અન્ય સિન્થેટીક મટીરીયલ અથવા સિન્થેટીક પદાર્થથી કોટેડ કરેલ હોય અને નોન બાયો ડીગ્રેડેબલ હોય તેવા ચાઇનીઝ માંઝા (દોરા) ના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ કરવા ઉપર હંગામી પ્રતિબંધ માટે તથા જાહેર સુલેહ-શાંતી જળવાઇ રહે તે સારૂ કેટલાક પ્રતિબંધાત્મક આદેશો ફરમાવવા જરૂરી જણાય છે.

આથી, હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮.૧૧.૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અનુસંધાને ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા.૦૮/૦૧/૨૦૨૨ ના કલાક ૨૨/૦૦ થી તા.૧૬/૦૧/૨૦૨૨ ના કલાક ૨૪/૦૦ સુધી નીચે દર્શાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું:

## પ્રતિબંધિત કૃત્યો-

(૧) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણી જનક લખાણો લખી પતંગ ઉડાડવા ઉપર.

(૨) આમ જનતાની લાગણી દુભાય તે રીતે લાઉડ-સ્પીકર વગાડવા ઉપર.

(૩) નાયલોન/પાકા સિન્થેટિક મટીરીયલ, ટોક્સિક મટીરીયલ, કાચ પાયેલા તથા અન્ય હાનિકારક પદાર્થોનો ઉપયોગ કરી તૈયાર કરેલ તથા નોન-બાયોડીગ્રેડેબલ હોય તેવા ચાઇનીઝ માંઝાના દોરાના ઉત્પાદન, આયાત, ખરીદ વેચાણ, સંગ્રહ અને વપરાશ કે ઉપયોગ કરવા ઉપર/ચાઇનીઝ માંઝાના દોરાના ઉપયોગ કરી પતંગ ઉડાડવા ઉપર.

(૪) સ્કાય લેન્ટર્ન (ચાઇનીઝ તુક્કલ)ના ઉત્પાદન, આયાત, ખરીદ વેચાણ, સંગ્રહ અને વપરાશ કે ઉપયોગ કરવા ઉપર/ સ્કાય લેન્ટર્ન (ચાઇનીઝ તુક્કલ) ઉડાડવા ઉપર.

(૫) કોઇપણ વ્યક્તિએ જાનનું જોખમ થાય તે રીતે જાહેર માર્ગ રસ્તા/ફુટપાથ તેમજ ભયજનક મકાન, ધાબા પર પતંગ ઉડાડવા ઉપર.તેમજ કપાયેલા પતંગો અને દોરાઓ મેળવવા માટે હાથમાં લાંબા ઝંડાઓ, વાંસના બંબૂઓ, લોખંડના કે કોઇપણ ધાતુના તારના લંગર બનાવી શેરીઓ/ગલીઓ, જાહેર રસ્તાઓ ઉપર દોડા-દોડી કરવા ઉપર.

(૬) કોઇપણ વ્યક્તિઓ દ્વારા જાહેર રસ્તા ઉપર પશુઓને ઘાસ ચારો નાખી ટ્રાફીકને અડચણરુપ કરવા ઉપર.

(૭) સરકારશ્રી દ્વારા કોવિડ નિયંત્રણ માટે બહાર પાડવામાં આવેલ કોવિડ ગાઈડ લાઈનનો ભંગ થાય તે રીતે પતંગ ઉડાડવા ઉપર

## -:વિસ્તાર :-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

## -: જાહેર વિજ્ઞાપન:-

તમામને વ્યક્તિગત રીતે નોટીસોની બજવણી કરવી શક્ય ન હોઇ આથી એકતરફે હુકમ કરૂ છુ. જાહેર જનતાની જાણ સારૂ જાહેર જગ્યાઓએ હુકમની નકલ ચોટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social media એકાઉન્ટસ ઉપર, સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેંદ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના સિનિયર પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

## -: શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ તથા જી.પી.એક્ટ ૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ શહેરમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ. અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ તથા જી.પી.એક્ટ ૧૯૫૧ ની કલમ ૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ-૦૮/૦૧/૨૦૨૨ ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

(પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર)

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :-

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિર્દેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.
(૧૦) સંયુક્ત માહિતી નિયામકશ્રી બેરેક નં.૩, આંબાવાડી પોલીટેકનીક, અમદાવાદ.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરજાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેસન્સ કોર્ટ ભદ્ર, અમદાવાદ શહેર.
(૧૬) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી,સેકટર-૧,૨/ક્રાઇમ બ્રાન્ચ/ટ્રાફિક શાખા/મુખ્યમથક અમદાવાદ શહેર.
(૧૭) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૧૮) નાયબ પોલીસ કમિશનરશ્રી(ઇન્ટે.), અમદાવાદ શહેર.
(૧૯) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવા સારૂં તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી.
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારૂં.)
(૨૨) તમામ પો.ઇન્સ.શ્રીઓ અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) મ.પો.ક્મિ.શ્રી એસ.ઓ.જી., અમદાવાદ શહેર.
(૨૪) પો.ઇન્સ.શ્રી રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે. સ્ટેશન, અમદાવાદ શહેર.
(૨૫) પો.ઇન્સ.શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.
(૨૬) પો.સબ.ઇન્સ શ્રી સાબરમતી રેલ્વે પો.સ્ટે.
(૨૭) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨૮) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)